Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-34 ■ તા. 21-08-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

સીબીઆઈએ દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મિનિષ સિસોદિયાના ઘરે દરોડા પાડી આઅેફઆર નોંધી

નવીદિલ્હી,તા.૨૦

કેન્દ્રીય તપાસ બ્યુરોએ દિલ્હી આબકારી નીતિમાં કથિત અનિયમિતતાઓના મામલે રાષ્ટ્રીય રાજધાની અને ૭ અન્ય રાજ્યોમાં ૨૧ સ્થળો પર દરોડા પાડ્યા. તપાસ એજન્સીએ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના ઘરે પણ દરોડા પાડ્યા. ત્યારે આ મામલે સીબીઆઈએ એફઆરઆર નોંધાવી છે. સીબીઆઈએ આ મામલે ૧૫ લોકોને આરોપી ગણાવ્યા છે. મનીષ સિસોદિયાને આરોપી નંબર ૧ ગણાવ્યા છે. સીબીઆઈએ પીસી અધિનિયમ ૧૯૮૮, ૧૨૦-બી, ૪૭૭એ, મૂળ ગુના હેઠળ કેસ નોંધ્યો છે.

દરોડા દરમિયાન મનીષ સિસોદિયાના આવાસ પરથી આપત્તિજનક દસ્તાવેજ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણ જપ્ત કર્યા છે. સીબીઆઈએ એક સાર્વજનિક સાક્ષીની હાજરીમાં કેટલાક દસ્તાવેજ જપ્ત કર્યા. એક સૂત્રએ કહ્યું કે, ભવિષ્યમાં કોઈપણ પ્રકારના વિવાદથી બચવા માટે સંપૂર્ણ કાયદાકીય પ્રક્રિયા સાથે આ કરવામાં આવી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે ટીમ તેમના ઘર પર હાલ વિવિધ દસ્તાવેજો તપાસ કરી રહી છે અને સિસોદિયાની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

સીબીઆઈની ટીમોએ પૂર્વ આબકારી કમિશનર ઇ. ગોપીકૃષ્ણ, ચાર લોક સેવકો અને અન્યના ઘર પર પણ દોરોડા પાડ્યા. આ પહેલા સિસોદિયાએ દાવો કર્યો કે તે નિર્દોષ છે અને સીબીઆઈ કેન્દ્રના ઈશારે કામ કરી રહી છે. મનીષ સિસોદિયાએ શુક્રવારના પોતાના ઘર પર સીબીઆઈના દરોડાને દુભાગ્યપૂર્ણ ગણાવ્યા અને કહ્યું, દેશ માટે સારું કામ કરનારા લોકોને પરેશાન કરવામાં આવી રહ્યા છે. સિસોદિયાએ સીબીઆઈના અધિકારીઓનું સ્વાગત કર્યું અને કહ્યું કે તે દરેક પગલાં પર તપાસ એજન્સીઓને સહયોગ કરશે જેથી સત્ય જલદી સામે આવી શકે.

તેમણે કહ્યું, મારી સામે ઘણા કેસ નોંધવામાં આવ્યા છે અને આજ સુધી કંઈપણ સાબિત થયું નથી. આ મામલે પણ કંઈપણ સામે નહીં આવે. સારા શિક્ષણના મારા કામને રોકી શકાશે નહીં. સિસોદિયાએ કહ્યું, તે દિલ્હીમાં શિક્ષણ અને સ્વાસ્થ્યના અદ્ભૂત કાર્યોથી નિરાશ છે. તેથી તે દિલ્હીના સ્વાસ્થ્ય અને શિક્ષણ મંત્રાલયની સામે ષડયંત્ર રચી રહ્યા છે, જેથી સારા કામને રોકી શકાય. અમારી બંને પર ખોટા આરોપ લગાવ્યા છે. સત્ય સામે આવશે.

આબકારી કૌભાંડ મામલે સીબીઆઈએ મનિષ સિસોદીયાના ઘર સહિત દિલ્હી-એનસીઆરની ૨૧ જગ્યાઓ પર દરોડાની કાર્યવાહી હાથ ધરી. ત્યારબાદ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ સામે આવ્યા અને પ્રેસ કોન્ફરન્સ કરીને મનિષ સિસોદીયાનો બચાવ કર્યો. બીજી બાજુ ભાજપના નેતાઓએ આબકારી કૌભાંડ અંગે મનિષ સિસોદીયાનું જેલમાં જવાનું નક્કી ગણાવતા એવો કટાક્ષ પણ કર્યો કે તેઓ સત્યેન્દ્ર જૈનની જેમ પોતાની યાદશક્તિ ન ગુમાવે.

અરવિંદ કેજરીવાલ પ્રેસ કોન્ફરન્સમાં ન્યૂયોર્ક ટાઈમ્સ પેપર લઈને પહોંચ્યા અને મનિષ સિસોદિયાના વખાણ કરતા દુનિયાના સૌથી સારા શિક્ષણ મંત્રી ગણાવ્યા. તેમણે કહ્યું કે ન્યૂયોર્ક ટાઈમ્સમાં મનિષ સિસોદિયાનો ફોટો અને દિલ્હીના શિક્ષણ મોડલ અંગે ખબર છપાઈ છે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અરવિંદ કેજરીવાલે એક નંબર પણ બહાર પાડ્યો અને દેશભરમાંથી લોકોને મિસ કોલ કરીને ભારતને નંબર વન બનાવવાની મુહિમમાં જોડાવવાની અપીલ કરી. દિલ્હીના સીએમ અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે હું આજે એક નંબર બહાર પાડી રહ્યો છું. મિસ્ડ કોલ નંબર ૯૫૧૦૦૦૧૦૦૦, જે લોકો આ મિશનમાં સામેલ થવા માંગે છે, જે ભારતને દુનિયામાં નંબર વન રાષ્ટ્ર તરીકે જોવા માંગે છે તેમણે બધાથી શક્તિશાળી રાષ્ટ્ર અને સર્વશ્રેષ્ઠ રાષ્ટ્ર બનવાના આ મિશનમાં જોડાવવું જોઈએ.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે આજે મનિષ સિસોદીયાને દુનિયાના સર્વશ્રેષ્ઠ શિક્ષણમંત્રી જાહેર કરાયા, પરંતુ સીબીઆઈની એક ટીમ દરોડા પાડવા તેમના ઘરે પહોંચી. ન્યૂયોર્ક ટાઈમ્સના પહેલા પાના પર આવવું અને દિલ્હીમાં શિક્ષણ ક્રાંતિ લાવવી સરળ નહતી. તેમણે વધુમાં કહ્યું કે આ પહેલી દરોડા કાર્યવાહી નથી. મનિષ સિસોદીયા પર છેલ્લા ૭ વર્ષમાં અનેકવાર દરોડા પડી ચૂક્યા છે. તેમના વિરુદ્ધ અનેક ખોટા કેસ દાખલ થયા હતા. મારા ઉપર પણ, સત્યેન્દ્ર જૈન ઉપર, કૈલાશ ગહેલોતના ત્યાં પણ દરોડા પાડ્યા પણ કશું મળ્યું નહીં. તેમને હજુ કશું મળશે નહીં. સીબીઆઈ પોતાનું કામ કરી રહી છે, ડરવાની જરૂર નથી. આપણે સીબીઆઈને તેમનું કામ કરવા દેવું જોઈએ. તેમને અમને પરેશાન કરવા માટે ઉપરથી આદેશ છે.

બીજી બાજુ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે આ મામલે કહ્યું કે આબકારી નીતિના માધ્યમથી તમામ ચીજોને પ્લાન કરીને તેમણે ત્યાં પૈસા ભેગા કરવાની એક રીત શોધી હતી. હજુ તથ્ય સામે આવવા દો ત્યારબાદ વાત કરીશું. કોંગ્રેસનો ખુલાસો પહેલા જ થઈ ગયો હતો અને આમ આદમી પાર્ટીનો ખુલાસો હવે થઈ રહ્યો છે. ઈમાનદારીના નામ પર તેમણે ઘણું કરી લીધુ. આબકારી નીતિને લઈને ત્યાં જે મોટા પાયે કૌભાંડ થયા છે તેને લઈને ત્યાંના ઉપરાજ્યપાલે કહ્યું કે આ તપાસનો વિષય છે અને સીબીઆઈને સોંપ્યો છે.

ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને દિલ્હી પ્રભારી બૈજયંત પાંડાએ આગ વગર ધૂમાડો ન હોવાની વાત કરી. તેમણે ટ્વીટ કરીને કહ્યું કે અમે એવી આશા રાખીએ છીએ કે જેમ ધરપકડ બાદ તમારા સહયોગી સત્યેન્દ્ર જૈનની યાદ શક્તિ જતી રહી હતી તેમ તમે તમારી યાદશક્તિ ન ગુમાવો. સિસોદીયાજી, આગ વગર ધૂમાડો ઉઠતો નથી. માનનીય એલજી દ્વારા તપાસના આદેશ બાદ જ આટલી ઉતાવળમાં સંદિગ્ધ આબકારી નીતિને કેમ ફેરવી નાખવામાં આવી?

રાજીવ ગાંધીની જન્મજયંતિ પર રાહુલ ગાંધી પિતાને ખાસ રીતે યાદ કરી શ્રધ્ધાંજલિ આપી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજીવ ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી.

નવીદિલ્હી,તા.૨૦

પૂર્વ વડાપ્રધાન અને કોંગ્રેસના દિવંગત નેતા રાજીવ ગાંધીની આજે ૭૮મી જન્મજયંતિ હતી આ ખાસ અવસર પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પાર્ટીના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ તેમના સ્મારક સ્થળ વીર ભૂમિ પર તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. આ દરમિયાન રોબર્ટ વાડ્રા ઉપરાંત કોંગ્રેસ પાર્ટીના નેતા મલ્લિકાર્જુન ખડગે, કેસી વેણુગોપાલ અને અન્ય નેતાઓ પણ હાજર હતા.

તેમના પિતાની જન્મજયંતિ પર કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ તેમને યાદ કરીને પોતાની લાગણીઓ શેર કરી છે. રાજીવ ગાંધીની જન્મજયંતિ પર રાહુલ ગાંધીએ તેમના પિતાને ખાસ રીતે યાદ કર્યા. તેણે ટ્વિટર પર એક ઈમોશનલ વીડિયો શેર કર્યો અને લખ્યું, 'પાપા, તમે મારા દિલમાં દરેક ક્ષણે મારી સાથે છો. તમે દેશ માટે જોયેલું સપનું હું હંમેશા સાકાર કરવાનો પ્રયત્ન કરીશ.

આ પોસ્ટમાં રાહુલ ગાંધીએ બાળપણથી લઈને અત્યાર સુધીની યાદોને સજાવવાનો પ્રયાસ કર્યો છે. તે જ સમયે, કોંગ્રેસ પાર્ટીના નેતાઓ દેશભરમાં તેમના દિવંગત નેતાને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

આ સિવાય કોંગ્રેસે પોતાના ટ્વિટર હેન્ડલ પર લખ્યું છે કે ભારતના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિ પર અમે તેમને સલામ કરીએ છીએ. કોંગ્રેસના નેતાઓએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ×૨૧મી સદીના ભારતના આર્કિટેક્ટ તરીકેનું તેમનું વિઝન હતું જેણે ભારતમાં અને ટેલિકોમ ક્રાંતિની શરૂઆત કરી. × આજે આપણે તેમનો વારસો ઉજવીએ છીએ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજીવ ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદીએ પોતાના ટ્વિટર હેન્ડલ પર લખ્યું, હું દેશના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

મરાઠવાડા કૃષિ સંકટનો સામનો કરી રહ્યું છે !

૮ મહિનામાં ૬૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી, ઓગષ્ટ મહીનામાં જ ૩૯એ આત્મહત્યા કરી

૧૧ અને ૧૨ જુલાઈના રોજ અતિશય વરસાદને કારણે મરાઠવાડાના ૨૪ જિલ્લાઓમાં ૧૦૦,૦૦૦ થી વધુ ખેડૂતોને અસર થઈ હતી,

મુંબઈ,તા.૨૦

મહારાષ્ટ્રનો મરાઠવાડા પ્રદેશ ખેતી પર આધારિત છે. પરંતુ, આ વિસ્તારના ખેડૂતોની હાલત અને તેમની આત્મહત્યાના કિસ્સાઓ છેલ્લા ઘણા સમયથી હેડલાઈન્સ બની રહ્યા છે. આ વર્ષે પણ ખેડૂતોની આત્મહત્યાના કારણે મરાઠવાડા દેશની અંદર ચર્ચાનું કેન્દ્ર બનતું જોવા મળી રહ્યું છે. વાસ્તવમાં, હાલમાં, પ્રદેશની ખેતી ગંભીર સંકટનો સામનો કરી રહી છે. જેની સ્થિતિ ખેડૂતોની હાલત કફોડી બની રહી છે. પરિણામે, આ વર્ષે એટલે કે ૮ મહિનામાં ૬૦૦ ખેડૂતોની આત્મહત્યા નોંધાઈ છે.

ડાઉન ટુ અર્થે મરાઠવાડાના ખેડૂતોની આત્મહત્યા અંગેનો અહેવાલ પ્રસારિત કર્યો છે. અહેવાલમાં સત્તાવાર આંકડાઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૨ થી મધ્ય ઓગસ્ટ સુધીમાં મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રમાં લગભગ ૬૦૦ ખેડૂતોની આત્મહત્યા નોંધાઈ છે. જેમાં જાન્યુઆરીથી જુલાઈ વચ્ચે ૫૪૭ ખેડૂતોની આત્મહત્યા નોંધાઈ હતી. જ્યારે માત્ર ઓગસ્ટના મધ્ય સુધીમાં ૩૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હોવાના કિસ્સા નોંધાયા છે. રિપોર્ટમાં સામાજિક કાર્યકરોને ટાંકીને ખેડૂતોના આ મૃત્યુનું કારણ સરકારની નીતિઓને દર્શાવવામાં આવી છે. ખેડૂત આત્મહત્યાના આ તમામ કેસો ઔરંગાબાદના ડિવિઝનલ કમિશનરની ઓફિસમાંથી મળેલા ડેટા પર આધારિત છે.

મહારાષ્ટ્રનો મરાઠવાડા પ્રદેશ ખેડૂતોની આત્મહત્યાના કિસ્સાઓને લઈને સમગ્ર દેશમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. હકીકતમાં, છેલ્લા વર્ષોમાં જ મરાઠવાડામાં ખેડૂતોની આત્મહત્યાના કિસ્સા નોંધાયા હતા. ડિવિઝનલ કમિશનરની ઓફિસ ઔરંગાબાદમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, મરાઠવાડા ક્ષેત્રમાં વર્ષ ૨૦૨૧માં એટલે કે ૧૨ મહિનામાં ૮૦૫ ખેડૂતોની આત્મહત્યાના કેસ નોંધાયા હતા.

મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રની ખેતી આ દિવસોમાં ગંભીર સંકટનો સામનો કરી રહી છે. હકીકતમાં જુલાઈમાં મરાઠવાડા વિસ્તારમાં વધુ વરસાદ થયો હતો. જેના કારણે લાખો હેક્ટર ખેતીની જમીનને નુકસાન થયું હતું. આ નુકસાનના પરિણામે ખેડૂતોની આત્મહત્યાના કિસ્સાઓ જોવા મળી રહ્યા છે. એક માહિતી અનુસાર, ૧૧ અને ૧૨ જુલાઈના રોજ અતિશય વરસાદને કારણે મરાઠવાડાના ૨૪ જિલ્લાઓમાં ૧૦૦,૦૦૦ થી વધુ ખેડૂતોને અસર થઈ હતી, જેના કારણે તુવેર, મકાઈ, સોયાબીન, ડાંગર, કપાસ અને કેળાના પાકને નુકસાન થયું હતું. સાથે સાથે મોંઘવારી અને ખેતી ખર્ચના કારણે ખેડૂતો પણ પરેશાન છે.

દેશ નક્કી કરે કે બિલ્કીસ બાનો મહિલા છે કે મુસ્લિમ: ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રા

આપણે અલ્લાહનો આભાર માનવો જોઈએ કે ઓછામાં ઓછા ગોડસેને તો ફાંસી આપી દેવામાં આવી.: ઓવૈસી

નવીદિલ્હી,તા.૨૦

ગુજરાત રમખાણો પીડિતા બિલ્કીસ બાનો કેસમાં ૧૧ આરોપીઓને મુક્ત કરવાના નિર્ણય પર રાજકારણ ગરમાયું છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ સતત ત્રણ ટ્વીટ કરીને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. મહુઆએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન મોદીને પણ ઘેર્યા છે. ગોધરાકાંડ બાદ ગુજરાતમાં તોફાનો ફાટી નીકળ્યા હતા અને આ રમખાણો દરમિયાન બિલકિસ બાનોના પરિવારના સાત સભ્યોની હત્યા કરી દેવામાં આવી હતી, એટલું જ નહીં, તોફાનીઓએ બિલ્કીસ બાનો પર પણ ગેંગરેપ કર્યો હતો. મહુઆએ પહેલા ટ્વીટમાં લખ્યું કે કોઈ પણ મહિલાનો ન્યાય આ રીતે કેવી રીતે સમાપ્ત થઈ શકે? અમિત શાહ? નરેન્દ્ર મોદી? ભારત? ભારતીયો?

અન્ય એક ટ્વીટમાં તેમણે લખ્યું કે આજે એ બધા સ્વંયભૂ ટીવી એંકર ક્યાં ચિલ્લાઈ રહ્યા છે ?શું થયું? બિલ્કીસ બાનો પર પેનલ ડિસ્કશન માટે બિગ ડેડીઝેઆગળ નહીં વધાર્યા ? આ ટવિટમાં મહુઆએ બિગ ડેડીઝ માટે પ્રધાનમંત્રી મોદી અને નેશન વોન્ટસ ટૂ નો માટે અરનબ ગોસ્વામી સામે નિશાન સાધી દીધું છે. ત્રીજા ટ્વિટમાં મહુઆએ લખ્યું કે દેશે નક્કી કરવું જોઈએ કે બિલકિસ બાનો મહિલા છે કે મુસ્લિમ?

બિલકિસ બાનોએ ભાવુક થઈને કહ્યુ હતું કે ,જ્યારે મેં સાંભળ્યું કે ૧૧ ગુનેગારો જેમણે મારા પરિવાર અને મારું જીવન બરબાદ કર્યું અને મારી ૩ વર્ષની દીકરીને મારી પાસેથી છીનવી લીધી, ત્યારે હું સંપૂર્ણપણે સ્તબ્ધ થઈ ગઈ. મને હજુ પણ આઘાત લાગ્યો છે. હું આજે એટલું જ કહી શકું છું - કોઈ પણ સ્ત્રી માટે આ રીતે ન્યાય કેવી રીતે સમાપ્ત થઈ શકે?

ગુજરાતના બહુચર્ચિત બિલ્કીસ બાનો રેપ કેસના દોષીઓને છોડવા પર એક ભાજપના ધારાસભ્યએ આરોપીઓના 'સંસ્કારો'ના વખાણ કર્યા છે. તેને લઈને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ ગુજરાત અને કેન્દ્ર સરકાર પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે, 'આપણે અલ્લાહનો આભાર માનવો જોઈએ કે ઓછામાં ઓછા ગોડસે (મહાત્મા ગાંધીનો હત્યારો)ને તો ફાંસી આપી દેવામાં આવી.અસદુદ્દીન ઓવૈસીએ નિવેદન જાહેર કરીને કહ્યું કે ગુજરાત હોય, કઠુઆ દુષ્કર્મીઓ સાથે ઊભા રહેવું ભારતીય જનતા પાર્ટીની નીતિ રહી છે. કેટલાક લોકોની જાતિ, તેમના ગુનાની જઘન્યતા છતા જેલમાંથી મુક્ત કરાવી શકે છે તો કેટલાક અન્ય લોકોની જાતિ કે ધર્મ તેમને પુરાવા વિના જેલોમાં રાખવા માટે પૂરતા કારણ હોય શકે છે.

તેમણે આગળ કહ્યું કે, શું ગુજરાત સરકારે કેન્દ્ર પાસેથી મંજૂરી લીધી હતી? કેમ કે આ ગુનેગારોને ઝૈમ તપાસ બાદ દોષી ઠેરવવામાં આવ્યા હતા. અસદુદ્દીન ઓવૈસીએ આરોપ લગાવ્યો કે ભાજપ આગામી વિધાનસભાની ચૂંટણી પર નજર રાખતા આ બધુ કરી રહી છે. રાઉલજીએ એક મીડિયાકર્મી સાથે વાત કરતા કહ્યું હતું કે, અમે સુપ્રીમ કોર્ટના આદેશના આધાર પર નિર્ણય લીધો છે. અમે તેમના વ્યવહારને જોતા અને તેમણે જલદી છોડવાના નિર્ણય કરવા પર કહ્યું કે, અમે જેલરને પૂછ્યું અને ખબર પડી કે જેલમાં તેમનો વ્યવહાર સારો હતો. કેટલાક દોષો બ્રાહ્મણ હતા, તેમના સારા સંસ્કાર હોય છે. તેમને ફસાવી પણ શકાય છે.

કોવિડ-૧૯: છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૨૭૨ નવા કેસ અને ૩૬ મોત

નવીદિલ્હી,તા.૨૦

છેલ્લા ૨૪ કલાક દરમિયાન, ભારતમાં કોરોનાવાયરસ ચેપના ૧૩,૨૭૨ નવા કેસ નોંધાયા છે, જે દરમિયાન ૩૬ લોકોના મોત થયા છે અને ૧૩,૯૦૦ લોકો ચેપથી સાજા થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, સક્રિય કોવિડ કેસ ગઈકાલે ૧,૦૧,૮૩૦ થી ઘટીને આજે ૧,૦૧,૧૬૬ થઈ ગયા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૪૩,૨૭,૮૯૦ લોકોને ચેપ લાગ્યો છે, જેમાંથી ૪૩,૬૯૯,૪૩૫ લોકો વાયરસને હરાવવામાં સફળ થયા છે.

તમને જણાવી દઈએ કે પહેલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૫,૭૫૪ નવા કેસ નોંધાયા છે અને ૩૯ લોકોના મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ડેટા અનુસાર, દેશમાં કોવિડ મૃત્યુ દર ૧.૧૯% છે. સક્રિય કેસોની સંખ્યા કુલ ચેપના ૦.૨૩ ટકા છે. દૈનિક કોવિડ-૧૯ સકારાત્મકતા દર ૪.૨૧ ટકા છે અને પુનઃપ્રાપ્તિ દર ૯૮.૫૮ છે. કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં દેશવ્યાપી રસીકરણનું મહત્વનું યોગદાન રહ્યું છે. ભારતમાં અત્યાર સુધીમાં કોવિડ વિરોધી રસીના ૨,૦૯,૪૦,૪૮,૧૪૦ ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોવિડ-૧૯ રસીના ૧૩,૧૫,૫૩૬ ડોઝ લાગુ કરવામાં આવ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં, સક્રિય કોવિડ -૧૯ કેસ લોડમાં ૬૬૪ કેસનો ઘટાડો થયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ઝ્ર્ઝ્ર) અનુસાર, ૧૯ ઓગસ્ટ સુધી કોવિડ-૧૯ માટે ૮૮,૨૧,૮૮,૨૮૩ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. જેમાંથી શુક્રવારે ૩,૧૫,૨૩૧ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. અગાઉ, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા શેર કરવામાં આવેલા ડેટા અનુસાર, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં શુક્રવારે ૩ મૃત્યુ સાથે ૧,૪૧૭ નવા ૧૯ કેસ નોંધાયા હતા. દિલ્હીમાં કોવિડ પોઝીટીવીટી રેટ ૭.૫૩ ટકા છે. રાજ્યમાં રોગચાળો શરૂ થયો ત્યારથી, કોરોનાવાયરસથી સંક્રમિત લોકોની કુલ સંખ્યા ૧૯,૯૧,૭૭૨ પર પહોંચી ગઈ છે અને મૃત્યુઆંક ૨૬,૪૧૧ પર પહોંચી ગયો છે.

હેમંત સોરેન રાજ ઝારખંડમાં થોડા દિવસોના મહેમાન,રાજ્યમાં ભાભી રાજની તૈયારીઓ

રાંચી,તા.૨૦

હેમંત સોરેન રાજ ઝારખંડમાં થોડા દિવસોના મહેમાન છે. હવે રાજ્યમાં ભાભી રાજની તૈયારીઓ ચાલી રહી છે. આ અમે નથી કહી રહ્યા, પરંતુ આ વાત ભાજપના ગોડ્ડા સાંસદ નિશિકાંત દુબેનું કહેવું છે. ભાજપના ગોડ્ડા સાંસદ નિશિકાંત દુબેએ હવે આ ખુલાસો કરીને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તે પોતાની ટ્વિટર પોસ્ટ દ્વારા દરરોજ સવાર-સાંજ એક નવો ધમાકો કરી રહ્યો છે.નિશિકાંત દુબેએ નામ લીધા નથી, પરંતુ કલ્પના સોરેન ઝારખંડના આગામી મુખ્યપ્રધાન બનશે તેવી વાત વ્યક્ત કરી છે. તેણે પોતાની પોસ્ટમાં એમ પણ કહ્યું છે કે પરિવારની પાર્ટીની શ્રેષ્ઠ રેસિપી ગરીબો માટે છે.જો નિશિકાંત દુબેની સોશિયલ મીડિયા પોસ્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો કલ્પના સોરેનનો તાજ પહેરાવવામાં આવશે. જો આમ થશે તો કલ્પના સોરેન ઝારખંડના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનશે. તે હેમંત સોરેનની પત્ની છે. ઝારખંડમાં રાજકીય હલચલ ખૂબ જ ગરમ છે. હેમંત સોરેન સામે ઓફિસ ઓફ પ્રોફિટના આરોપને લઈને રાજકારણ ખૂબ જ નાજુક તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે.

ચૂંટણી પંચ તરફથી હેમંત સોરેનને મળેલી નોટિસ પર શાસક પક્ષ તરફથી ખુલ્લેઆમ કંઈ કહેવામાં આવી રહ્યું નથી. પરંતુ જેએમએમ અને કોંગ્રેસના નેતાઓ વિપક્ષી પાર્ટી ભાજપ પર હુમલાખોર બન્યા છે. સરકાર અને વિપક્ષ વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર ચાલુ છે. થોડા દિવસો પહેલા પણ ડૉ.નિશિકાંત દુબેએ ફરી એકવાર સોરેન પરિવાર પર નિશાન સાધ્યું છે. સાંસદ દ્વારા આપવામાં આવેલા નિવેદનથી ઝારખંડના રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

જેએમએમ અને ભાજપ વચ્ચે ચેક-આઉટ ગેમ ચાલુ છે. રાજકીય ગલિયારામાં અનેક પ્રકારની ચર્ચાઓ ગરમ છે. હેમંત સોરેનનું રાજકીય ભવિષ્ય કેવું હશે. ઝારખંડની રાજનીતિના તમામ વિકલ્પો પર વિવિધ બાબતો ચાલી રહી છે. સાથે જ રાજકીય પંડિતો અનેક પ્રકારની અટકળો લગાવી રહ્યા છે.

તંત્રી લેખ

શ્રીલંકામાં ચીન

ભારત અને અમેરિકાના વાંધા છતાં શ્રીલંકાના હંબનટોટા બંદર પર ચીની જહાજ પહોંચવું એક ચિંતાનું કારણ છે. તેને એક હાઈટેક સંશોધન જહાજ ગણાવાય છે, પરંતુ વાસ્તવમાં તેની કમાન ચીની સેના પાસે રહે છે. ચીની સેનાના દિશા-નિર્દેશો પર ચાલનારા જહાજને ચીન પોતાના શોધ અભિયાનનો હિસ્સો ગણાવતું રહ્યું છે, પરંતુ શ્રીલંકન રાષ્ટ્રપતિના પ્રતિનિધિએ તેને શાંતિ અભિયાનનો હિસ્સો ગણાવ્યું છે. જોકે આ જહાજ પર ૨૦૦૦થી વધારે લોકો સવાર છે, શું આ બધા વૈજ્ઞાનિકો છે? શું તેઓ શ્રીલંકાની નજીકના સમુદ્ર પર શોધ માટે નીકળ્યા છે? શું ચીન પાસે સમુદ્રી શોધ માટે બીજી જગ્યા નથી? સેટેલાઇટ, એન્ટેના અને રડારથી સજ્જ આ યુઆન વાંગ-૫ નામનું જહાજ પ્રત્યે શું ભારતની ચિંતા અતિરેક છે? જોકે ચીનના જવાબને જોઇએ, તો તે આશ્વસ્ત કરવાની કોશિશની સાથે સાથે ચેતવણીની ભાષા બોલતાં જરા પણ ખચકાતું નથી. તેના શ્રીલંકામાં રાજદૂતે હંબનટોટામાં કહ્યું કે જહાજની ગતિવિધિઓથી કોઈપણ દેશની સુરક્ષા પ્રભાવિત નહીં થાય અને કોઈપણ 'ત્રીજા પક્ષ' દ્વારા તેને 'બાધિત' ન કરવી જોઇએ.

વાસ્તવમાં આ વિશાળ જહાજથી ભારતને પ્રત્યક્ષ ખતરો એ છે કે આ જહાજ ભારતમાં ઓડિશા સુધી નજર રાખી શકે છે. પરોક્ષ ખતરો એ છે કે તેનાથી ભારત સમુદ્રી મોરચે સૈન્ય મોરચે જ નહીં, વ્યૂહાત્મક મોરચે પણ અસહજ થવાનું છે. ચીન જ્યારે ભારત સાથે જોડાતી સીમા પર સતત તણાવ ઊભો કરી રહ્યું છે, ત્યારે દક્ષિણમાં હંબનટોટામાં તેની હાજરી જો અમેરિકાને પણ ચિંતિત કરતી હોય તો ભારતીય રણનીતિકારોએ વધુ સચેત થઈ જવું જોઇએ. ચીની સેના માટે જાસૂસી કરનારા જહાજને જો શ્રીલંકાએ વારંવાર આવવાની કે વધુ દિવસ રોકાવાની મંજૂરી આપી, તો ભારત માટે કદાચ એક નવો મોરચો ખૂલી જશે. પહેલાં ભારત દક્ષિણ તરફથી આશ્વસ્ત રહ્યું છે, પરંતુ હવે શ્રીલંકાની આર્થિક તબાહીએ પરોક્ષ રૂપે ભારતને પણ પ્રભાવિત કર્યું છે. શ્રીલંકાની મજબૂરી છે કે ચીનને મહત્ત્વ આપે, કારણ કે એવું નહીં કરે તો શ્રીલંકાને મળનારા આંતરરાષ્ટ્રીય ઋણમાં મુશ્કેલી આવશે. સંયુક્ત રાષ્ટ્રમાં ચીન એ સ્થિતિમાં છે કે તે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ દ્વારા અપાતી મદદને રોકી શકે છે. શ્રીલંકાની મજબૂરી ભારત માટે મુસીબત બની શકે છે. હાલમાં ભારત સતર્ક રહેવા સિવાય બીજું કંઈ કરી શકે તેમ નથી. ચીન દુનિયાની બદલાતી હાલતનો અધિકતમ ફાયદો ઉઠાવી રહ્યું છે. એ પાકિસ્તાનની હાલત પણ અલગ નથી, જેને ચીન મિત્ર ગણાવે છે. જ્યાં સુધી ભારતનો પ્રશ્ન છે, જાસૂસીથી બચવું મુશ્કેલ છે. સમાધાન એમાં જ છે કે ભારત ખુદને ટેકનિક, કૂટનીતિ અને વ્યૂહાત્મક રૂપે મજબૂત કરે.

વડોદરામાં રખડતી ગાયે યુવાનને અડફેટે લેતા યુવાનનું મોત

વડોદરા,તા.૨૦

વડોદરા શહેરમાં રખડતાં ઢોરની સમસ્યા વકરી રહી છે. વડોદરા શહેરમાં રખડતી ગાયે વધુ એક યુવાનને અડફેટે લીધાની ઘટના સામે આવી છે, જેમાં વડોદરાના સુભાનપુરાના યુવાનનું મોત થયું છે. છેલ્લા કેટલાકથી રાજયના વિવિધ શહેરોમાંથી ગાયના હુમલાની ઘટનાઓ સામે આવી છે. ઠેર-ઠેર રસ્તાઓ પર ગાયો બેસેલી અને ફરતી જોવા મળે છે. અકસ્માત સર્જાય ત્યારે તંત્ર દ્વારા ઢોર પકડવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. બાદમાં સ્થિતિ જૈસે થે વૈસે જેવી જોવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરાના સુભાનપુરાના નંદાલય હવેલી પાસે રખડતી ગાયના કારણે એક યુવકનું મોત થયું છે. મોડી રાત્રે રસ્તા રસ્તા પર બેઠેલી ગાય સાથે યુવક અથડાયો હતો અને તેનું મોત નિપજ્યું હતું. યુવકનું નામ જીગ્નેશ મહિજીભાઇ રાજપૂત છે. યુવક બાઇક પર જઇ રહ્યો હતો તે દરમિયાન રસ્તા પર બેસી ગાય અંધારામાં ન દેખાતા અકસ્માત સર્જાયો હતો. ગાય જ્યાં બેઠી હતી ત્યાં સ્ટ્રીટ લાઇટ પણ બંધ હોવાનું જાણવા મળ્યું છે. મૃતક યુવાનની ડેડીબોડી પીએમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે જ્યારે એક સામાન્ય નાગરિક રખડતા ઢોરના કારણે અકસ્માતનો ભોગ બને છે ત્યારે તંત્રનું પેટનું પાણી હલતું નથી પરંતુ જ્યારે કોઇ મોટા નેતા આ પ્રકારની ઘટનાનો ભોગ બને છે તો તંત્ર દોડતું થઇ જાય છે. તપાસ દૌર શરૂ થઇ જાય છે. તાજેતરમાં જ મહેસાણા ખાતે આઝાદી કા મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત યોજાયેલી રેલીમાં ભાગ લેવા પહોંચેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલની રેલીમાં ગાયે તેમને હડફેડે લેતાં તેમના પગે ઇજા પહોંચી હતી. ત્યારબાદ આ તંત્રને આ ઘટનાની ગંભીરતા સમજાઇ કે ખરેખર રખડતા ઢોરોનો ત્રાસ કેટલી મોટી સમસ્યા છે. પરંતુ દુખની વાત એ છે કે જ્યારે નેતા કોઇ મોટી પ્રતિષ્ઠિત વ્યક્તિ ભોગ બને છે ત્યારે તંત્રને સમજાય છે. બાકી સામાન્ય જનતાનું દર્દ દેખાતું નથી. આ ઘટના બાદ એક પત્ર પણ વાયરલ થયો હતો જેમાં તપાસના આદેશ આપાવામાં આવ્યા હતા.

આ કોઇ પ્રથમ ઘટના નથી આ અગાઉ વડોદરાના વિવિધ વિસ્તારોમાં માત્ર ૪ મહિનામાં અનેક ઘટનાઓ સામે આવી છે. જેમાં થોડા સમય પહેલાં વડોદરાના વાઘોડિયા વિસ્તારમાં એક વિદ્યાર્થીને ગાયે અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો અને વિદ્યાર્થીની આંખ ફૂટી ગઇ હતી. તો બીજી એક ઘટનામાં નિઝામપુરા વિસ્તારમાં ગાયે સિક્યોરિટી ગાર્ડને ભેટી મારતાં હાથમાં ફ્રેક્ચર થયું હતું. આવા અનેક કિસ્સાઓ છે જેને આંગળી વેઢે ગણી ન શકાય.

સતત 'કોર્પોરેશનની ગંભીર બેદરકારી જોવા મળી રહી છે. કોર્પોરેશન પશુ પકડવાની બાબતમાં નિષ્ફળ નિવડ્યું છે. મેયરે મોટી-મોટી વાતો કરી પણ તેના પર કોઇ નક્કર કાર્યવાહી કે પગલાં ભરવામાં આવ્યા નથી. તો બીજી તરફ નગરજનો દ્વારા આક્ષેપ કરવામાં આવે છે કે ગાયો પકડીને પૈસા લઈને ગાયો છોડી દે છે. માલધારીઓને નાગરિકોની ચિંતા નથી એટલે ગાયો રખડાવી લોકોના જીવ જોખમમાં મૂકે છે.'

આન્યા મૃણાલ- પ્રકરણ ૫/ રાજુલ કૌશિક

મૃણાલનાં એ ચારે વર્ષ પલકારામાં વીતી ગયાં અને આવીને ઊભી રહી કૉન્વકેશનની સાંજ. એ વર્ષે કૉન્વકેશનમાં લગભગ પોણા બસ્સો સ્ટુડન્ટને ડિગ્રી એનાયત કરવામાં આવી .ચીફ ગેસ્ટ હતા શહેરના પ્રખ્યાત બુટિક બંધેજના મિસ શાહ અને નિફ્ટના બોર્ડ મેમ્બર મિસ ચૌધરી. ચારે બાજુ તાળીઓના ગડગડાટ વચ્ચે "સ્ટુડન્ટ ઓફ ધ યર"ના એવોર્ડ માટે મૃણાલ શ્રોફનું નામ એનાઉન્સ કરવામાં આવ્યુ. શ્રીકાંત અને ગાયત્રીએ ભીની આંખે મૃણાલ માટે જોયેલું સપનું સાકાર થતું જોયું.

બીજા દિવસે આ વર્ષના સ્ટુડન્ટ્સ દ્વારા બનાવેલા ડિઝાઇન વેરના પ્રોફેશનલ ફેશન શોનુ આયોજન કર્ણાવતી ક્લબ ખાતે યોજવામાં આવ્યુ. આ પ્રસંગે નિફ્ટના વિદ્યાર્થીઓએ પોતાના પ્રોજેક્ટ્સના ભાગરૂપે બનાવેલા ડિઝાઇનર કોસ્ચ્યુમનું પ્રદર્શન રેમ્પ વોક કરીને કર્યું હતું. કેઝ્યુઅલ ,પાર્ટીવેર તેમજ ટ્રેડિશનલ ક્લોથ્સની યુનિક ડિઝાઇનો રજૂ થઈ.

જીવનભરના સંભારણા સમો આ દિવસ મૃણાલ માટે એકદમ મહત્વનો બની રહ્યો..એક તો એના ડિઝાઇન કરેલા વસ્ત્રો માટે મળેલા અભિનંદન માટે અને કૈરવની પ્રથમ મુલાકાત માટે.

ફેશન શોમાં ટેક્સટાઇલ સેક્ટર સાથે જોડાયેલા બાયર્સને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. ફેશન શો પત્યા પછી ક્લબમાં એક ફોર્મલ ડિનર રાખવામાં આવ્યું હતું જેમાં નિફ્ટ ફેકલ્ટી, નિફ્ટના સ્નાતકો અને આમંત્રિત બાયર્સ જોડાયા હતા.

"હેલ્લો મિસ મૃણાલ, કોન્ગ્રેચ્યુલેશન્સ. અતિ ઉમળકાભર્યો સાદ અને એથીય ઉમળકાભર્યો હાથ મૃણાલ તરફ લંબાયો. યુ હેવ ડન વન્ડરફુલ જોબ."

"થેંક્સ," કહીને મૃણાલ આગળ વધવા જતી હતી કે એ ઉષ્માભર્યા સાદે એને રોકી લીધી. આજ સુધી મૃણાલનાં જીવનમાં શ્રીકાંત શ્રોફ સિવાય બીજા પુરુષનું એવું આગમન થયું નહોતું કે જેની સાથે નજીકથી મૃણાલને વાત કરવાનો અવસર આવ્યો હોય.

"બસ ! ખાલી થેંક્સ? બે મિનિટ ઉભા નહીં રહો? એ હાથ હજુ મૃણાલ તરફ લંબાયેલો જ હતો. ના છૂટકે મૃણાલે મૃદુતાથી અને જરા ખચકાટથી પોતાનો હાથ લંબાવ્યો. આમ પણ જે રીતે એ યુવક ઊભો હતો એને ચાતરીને મૃણાલથી આગળ વધી શકાય એવુ નહોતું.

"કૈરવ.. માય સેલ્ફ કૈરવ શેઠ. જાણે જીવનભર છોડવાનો જ ના હોય એમ મૃણાલના લંબાવેલા હાથને એણે થામી લીધો. એનાં પરફ્યુમની સુગંધ સીધી જ મૃણાલના શ્વાસમાં ભળી જાય એટલો નજીક હતો એ. પાંચ ફૂટ અગિયાર ઈંચની ઊંચાઈ ધરાવતા એ યુવકે પહેરેલા ડિઝાઇનર ગ્લાસ પાછળ ચમકતી જરા કથ્થઈ આંખો મૃણાલની આંખોને સીધી જ તાકતી હતી. એને અવગણવો અઘરો જ નહી અશક્ય લાગતા મૃણાલ ત્યાં જ ઊભી રહી ગઈ.

આગળ શું બોલવુ એની અવઢવમાં પડેલી મૃણાલનો હાથ પકડીને જ એ જરા બાજુએ ખસ્યો. મૃણાલને પણ હવે એની પાછળ ખેંચાવુ પડ્યું.

"લાગે છે કે આજ સુધી તમે ક્યારેય આવી રીતે કોઈને મળ્યા નથી."

"જી?"

"જી.. ક્યાં તમે તમારામાં જ મસ્ત છો અથવા તો અજાણ્યા હોવાનો ડોળ કરો છો નહીંતર કૈરવ શેઠ સાંભળીને પણ તમારા ચહેરા પર કે અવાજમાં કોઈ ઓળખાણની ઝલક જોવા કે સાંભળવા મળી નહીં."

"જી?"

"અરે ભાઈ, આ જીથી જરા આગળ તો વધો. આ આજની ઈવેન્ટના સ્પોન્સરર અને "અજય ટેક્સ્ટાઈલ"ના નામથી સાવ જ અજાણ હો એવુ તો ના બનવું જોઈએ ને!

ચમકી પડી મૃણાલ. હવે સાચે જ એને લાગ્યુ કે એ એનામાં જ મસ્ત હતી નહીંતર ઈવેન્ટ શરૂ થતા પહેલા અને અંતમાં પણ અજય ટેક્સ્ટાઈલ અને ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝના ચેરમેન કૈરવ શેઠનું નામ ધ્યાન બહાર ના રહ્યુ હોત. જરા ભોંઠપનો ભાવ ચહેરા પર આવી ગયો.

" જો પાછા સોરી ના કહેતા.."

સાચે જ મૃણાલ સોરી કહેવા જતી હતી એ પકડી પાડ્યુ હોય એમ એ બોલી ઉઠ્યો.

"બની શકે ભાઈ, આજની સાંજ તો આમે તમારા નામે હતી ને? સૌનું ધ્યાન તમારા તરફ હતુ પછી તમારું ધ્યાન મારા પડે એવી અપેક્ષા રાખવી ય ખોટીને? પણ આજ સુધી મને સાચી કે ખોટી અપેક્ષા કોને કહેવાય એનો ભેદ જ ખબર નથી પડ્યો લાગતો. બસ મનમાં જે આવે એ જીવનમાં બનવું જોઈએ કે મળવુ જોઈએ એવી અપેક્ષા રાખવાની ટેવ પડી ગઈ છે. એટલે બીજાની જેમ તમે પણ મને ઓળખી લેશો એવુ ધારી લીધુ હતું."

"જો પાછા સોરી ના કહેતા.." કૈરવને પોતાના વિશે સતત બોલવાની ટેવ હતી. કૈરવ જે માનતો કે જે કહેતો એમાં કશું જ ખોટુ હોઈ શકે નહી એવી ગ્રંથી નાનપણથી જ બંધાઈ હતી.

કૈરવના પિતા અજયભાઈ શેઠે ઘણા વર્ષોની મહેનતના ફળ સ્વરૂપે કૈરવને વારસામાં અજય ટેક્સ્ટાઈલ સોંપી હતી જેમાંથી કૈરવે અજયભાઈની શાખ અને એના નસીબના સાથથી ગ્રુપ ઓફ અજય ઈન્ડસ્ટ્રિઝનુ એક્સપાન્શન કર્યુ હતું. એક મદ, એક ખુમાર આવતો જતો હતો એના સ્વભાવમાં. આજ સુધી તો એવું જ બન્યું હતું કે એણે જે વિચાર્યું એ મેળવ્યું હતું.

આલેખન:રાજુલ કૌશિક

પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીએ અંબાજી માતાના દર્શન કર્યા,આરતીમાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો

અંબાજી,તા.૨૦

રાજયમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવવાની છે. ભાજપ, કોંગ્રેસ સહિત આમ આદમી પાર્ટીએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. વિધાનસભાની ચૂંટણી નજીક હોવાથી દિલ્હીથી પીએમ મોદી તથા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહિતના નેતાઓ સતત ગુજરાતની મુલાકાત લઈ રહ્યા છે. તેમજ ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ મંદિરોની મુલાકાત અચૂક લે છે. અને ભગવાન આર્શિવાદ પ્રાપ્ત કરી રહ્યા છે. ત્યારે જોવાનું એ છે જનતા તેમના પર કેટલા આર્શિવાદ વરસાવે છે.

ત્યારે રાજયના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી ધર્મપત્ની અંજલિબેન સાથે આજે સવારે શક્તિપીઠ અંબાજીની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં તેમણે અંબાજી માતાના દર્શન કર્યા હતા. સાથે જ તેઓએ આરતીમાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો અને નિજ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. શક્તિપીઠ અંબાજી મંદિરના પૂજારી દ્વારા વિજય રૂપાણીને કુમકુમ તિલક કરી માતાજીની

પાર્ટી કહેશે એમ હું કરીશ, પાર્ટી જ્યાં ચૂંટણી લડાવશે ત્યાંથી ચૂંટણી લડીશ, ના પાડશે તો નહી લડું. : વિજય રૂપાણી

ચૂંદડી ઓઢાડી હતી. અંબાજી મંદિરના પૂજારીએ પૂર્વ મુખ્યપ્રધાન વિજય રૂપાણીને માતાજીનું શ્રી યંત્રની ભેટ અર્પણ કરી હતી. મંદિરમાં દર્શન બાદ માતાજીની ગાદીએ પણ ભટ્ટજી મહારાજના આશીર્વાદ લીધા હતા.

માં અંબાના દર્શન બાદ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પત્રકારો સાથે વાતચીત કરતાં આગામી વિધાનસભાની ચૂંટણી લડવાને લઈને મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. ચૂંટણી પહેલાં તેમનું આ નિવેદન ખૂબ જ મહત્વ ધરાવે છે. સતત લોકમુખે ચર્ચાનો વિષય રહ્યો છે કે શું પૂર્વ મુખ્યમંત્રી ચૂંટણી લડશે કે કેમ? ત્યારે સમગ્ર ચર્ચા પર પૂર્ણવિરામ મુકતાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે પાર્ટી કહેશે એમ હું કરીશ, પાર્ટી જ્યાં ચૂંટણી લડાવશે ત્યાંથી ચૂંટણી લડીશ, ના પાડશે તો નહી લડું. તેમણે આગળ વાત કરતાં વિજયભાઈ રૂપાણીએ ગતરાત્રિએ રાજસ્થાનમાં બનેલી અકસ્માતની ઘટના બાબતે દુઃખ વ્યક્ત કર્યું હતું. અકસ્માતમાં ભોગ બનનાર દાંતાના કુકડી ગામના હોઈ મૃતકોની આત્માને શાંતિ મળે ઈજાગ્રસ્તો જલદી સાજા થાય તે માટે માતાજીને પ્રાર્થના કરી હતી.

અત્રો ઉલ્લેખનીય છે કે ૨૦૨૧માં બીજેપીના નેતૃત્વએ વિજય રૂપાણીની વિરુદ્ધ હાઈકમાન્ડને રિપોર્ટ સોંપ્યો હતો. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે, વિજય રૂપાણીના નેતૃત્વમાં સરકારની પકડ ઢીલી પડી રહી છે અને કામકાજને લઈને રૂપાણી સરકારની છાપ નબળી પડી રહી છે. જેને પગલે વિજય રૂપાણીને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું અને રાજયને નવા મુખ્યમંત્રીના રૂપમાં ભૂપેન્દ્રભાઈ પટેલ મળ્યા હતા. ત્યારે જોવાનું એ રહ્યું કે કે શું ભાજપ સરકાર ફરી વિજય રૂપાણીને ટિકીટ આપશે કે કેમ? કારણ કે આ પ્રશ્ન એટલા માટે મહત્વનો બની જાય છે કારણ કે પૂર્વ મુખ્યમંત્રી ૬૫ વર્ષની ઉંમર વટાવી ચૂક્યા છે. ભાજપ યુવા ચહેરાઓને રાજકારણમાં તક આપે છે. ત્યારે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ નિવેદન આપી પાર્ટીને ખો આપી દીધી છે.

નંદ ઘેર આનંદ ભયો...' નાદથી મંદિરો ગૂંજી ઉઠ્યા

અમદાવાદ સહિત ગુજરાતભરમાં જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી

અમદાવાદ,તા.૨૦

સમગ્ર દેશમાં નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકીનો જયઘોષ સાથે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી રાત્રે ૧૨ વાગ્યે જગતના ગુરુ એવા ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ થતા જ ભગવાન દ્વારિકાધિશની નગરી દ્વારિકામાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો વહેલી સવારથી જ ભક્તોની લાંબી લાઈન મંદિરમાં જોવા મળી હતી અને ભક્તો કૃષ્ણમય બની ગયા હતાં તો રાજયના અન્ય બે પ્રસિદ્ધ મંદિરો ડાકોર અને શામળાજીમાં પણ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું ડાકોરમાં રણછોડરાય અને શામળાજીમાં શામળિયા શેઠના દર્શન માટે ભક્તોનો ધસારો જોવા મળ્યો હતો તો મંદિર ટ્રસ્ટ દ્વારા પણ ખાસ સુવિધા ઉભી કરવામાં આવી હતી રાજયના આ ત્રણેય મંદિરોમાં જન્માષ્ટમીની વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જન્માષ્ટમીનો તહેવાર અમદાવાદમાં ઉજવ્યો હતો. ઈસ્કોન મંદિરમાં દર્શન માટે અમિત શાહ પહોંચ્યા હતા. જયા આરતી કરી ભગવાન દ્વારકાધીશના ૫૨૪૯માં જન્મદિવસની ઉજવણી કરી હતી.

નંદ ઘેર આનંદ ભયોના નાદથી સમગ્ર દ્વારકા સહીત કૃષ્ણ મંદિરો ગુંજી ઉઠયા હતાં અને ગગનભેદી જયઘોષથી વાતાવરણ પવિત્ર બન્યું હતું રાત્રે ૧૨ ના ટકોરે તમામ મંદિરમાં ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય આરતી શરૂ કરાઈ હતી. સમગ્ર દેશભરના કૃષ્ણ મંદરોમાં ધૂમધામ પૂર્વક વ્હાલા કાન્હાના વધામણા કરવામાં આવ્યા હતાં જય કનૈયા લાલ કી, જય હો નંદલાલ કીના નાદ સાથે ડાકોર મંદિરમાં પણ કૃષ્ણ ભક્તિનો માહોલ બરોબરનો જામ્યો હતો. શામળાજી મંદિર ખાતે પણ મહાઆરતી કરી જન્મોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ભગવાન દ્વારકાધીશના લાલા સ્વરૂપને પારણામાં બેસાડી પારણુ ઝુલાવવામાં આવ્યું.

દ્વારકાનગરી તો આજે જાણે સ્વર્ગથી પણ ચડિયાતી બની હતી. પૂર્ણ પુરુષોત્તમ, જગદગુરુના વધામણાં કરવા લાખો ભક્તો ઉમટી પડયા હતા, ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. માતા-બહેનોએ શ્રીકૃષ્ણના જન્મ પહેલા અને જન્મ બાદ પરંપરાગત ગરબા રમી ઉજવણી કરી હતી.

દ્વારકા, ડાકોર અને શામળાજી સહીત સમગ્ર ગુજરાતમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. વિશ્વપ્રસિદ્ધ દ્વારકા મંદિર, ડાકોરનું રણછોડરાય મંદિર અને શામળાજી મંદિરમાં ભાવિક ભક્તોએ કલાકોની પ્રતીક્ષા બાદ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કર્યા. લાખો ભક્તો દૂર દૂરથી આ મંદિરે આવ્યાં હતા અને બાળગોપાલની એક ઝલક માટે તરસી રહયા હતા. આખરે તેમનો એ અવસર ભગવાને આપી દીધો છે. ભક્તોએ 'જય શ્રીકૃષ્ણ' અને 'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી'ના નાદ સાથે વ્હાલાના વધામણાં કર્યા છે.

ભક્તોએ હર્ષના અશ્રુ સાથે, ભીની આંખે શ્રીકૃષ્ણના દર્શન કર્યા હતા. સમગ્ર ગુજરાતમાં શ્રીકૃષ્ણ મંદિરો હર્ષોલ્લાસ સાથે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો કૃષ્ણ મંદિરોમાં આખો દિવસ ભક્તોની ખુબ ભીડ રહી હતી ભાવિક ભક્તો રણછોડ રાયના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યાં હતાં અરવલ્લી જિલ્લામાં આવેલા વિશ્વપ્રસિદ્ધ શામળાજી મંદિરમાં ભક્તોએ શ્રી શામળશા શેઠ - શ્રી કૃષ્ણના જન્મની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી અને ભગવાન શામળિયાના વધામણાં કર્યા હતાં આ સાથે રાજયભરના ઈસ્કોન મંદિરો અને શ્રીકૃષ્ણ મંદિરોમાં ધામધૂમથી શ્રીકૃષ્ણ જન્મની ઉજવણી કરવામાં આવી.

રાજકોટના લોકમેળામાં દુર્ઘટના, સેફટી લોક ખુલી જતાં યુવક પટકાયો

રાજકોટ,તા.૨૦

સૌરાષ્ટ્રવાસીઓ માટે રુંડો અવસર આવ્યો છે, કારણ કે કોરોનાના બે વર્ષ બાદ લોકમેળા ખુલ્લા મુકવામાં આવ્યા છે. પાંચ દિવસ વિવિધ જિલ્લામાં લોકમેળા ચાલશે. ત્યારે સૌરાષ્ટ્રના લોકો આ મજા માણવા ઉમટી પડે છે. સૌરાષ્ટ્રમાં આખુ વર્ષ આ લોકમેળાની આતુરતાથી રાહ જોવાતી હોય છે. તેમના માટે આ તહેવાર દિવાળી કરતા પણ મોટો ગણાય છે. ત્યારે ખુશીના અવસરમાં ગોંડલ બાદ હવે રાજકોટમાં દુર્ઘટના સર્જાઈ હોવાના સમાચાર મળી રહ્યા છે.

મેળામાં વિવિધ પ્રકારની રાઈડ્સ હોય છે. જેની મજા માણવા માટે લોકો ઉમટી પડે છે. પરંતુ કેટલીક વાર માલિકો દ્વારા સેફ્ટીની અવગણના કરતા હોય છે. જેના કારણે ઘણીવાર અકસ્માતો સર્જાતા હોય છે. તાજેતરમાં રાજકોટમાં ચાલી રહેલા લોકમેળામાં સેફ્ટીને લઈને બેદરકારીનો કિસ્સો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ ખાતે ચાલી રહેલા લોકમેળામાં એક દુર્ઘટના સર્જાઈ છે. જોકે આ દુર્ઘટનામાં કોઈજાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. લોકમેળામાં બ્રેક ડાન્સ રાઈડમાં બેઠેલા યુવકની રાઈડની સેફ્ટી લોક ખુલી જતાં આ દુર્ઘટના સર્જાઈ છે. જેને લીધે યુવકને ઈજાઓ પહોંચી છે. ઘાયલ યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. યુવકને માથાના ભાગે ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. અને હાલમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

અત્રો ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં ચારેતરફ લોકમેળાનો હર્ષ છવાયેલો છે. લોકો ઉત્સવના ઉન્માદમાં છે. લોકમેળામાં ઉમેટલી ભીડ બતાવે છે કે લોકો કેવી આતુરતાથી લોકમેળાની રાહ જોઈ રહ્યા હતા. આવામાં ગોંડલના લોકમેળામાં ગુરુવારે બે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ગોંડલના લોકમેળામાં ૨ વ્યક્તિઓનું વીજકરંટ લાગતા મોત નિપજ્યુ છે. તો ચાલુ રાઈડમાંથી એક વ્યક્તિ નીચે પટકાયો હતો. જે ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવો પડ્યો હતો.

ગોંડલ શહેરમાં રહેતા અને ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતા ભૌતિક પોપટ નામના યુવાનને મેળામાં વીજ કરંટ લાગ્યો હતો. જેથી તે જમીન પર પડી ગયા હતા. તેને બચાવવા નગરપાલિકા ફાયર સ્ટેશનના કર્મચારી નરશીભાઈ ભૂદાજી ઠાકોર જતા તેમને પણ વીજ કરંટ લાગ્યો હતો. બંને ગંભીર રીતે ઘાયલ થયા બાદ મોતને ભેટ્યા હતા.

જન્માષ્ટમીએ ઈંટોનાં ઢગલા પાસે સુંદર નવજાત બાળકને ત્યાજેલી હાલતમાં મળ્યું

ઉંમરગામ,તા.૨૦

વલસાડ જિલ્લાના ઉમરગામના સોળસુંબા ખાતે એક મકાન પાસેથી એક ત્યજેલી હાલતમાં નવજાત શિશુ મળ્યું છે. વલસાડ જિલ્લાનાં ઉમરગામ તાલુકાનાં સોળસુંબા ગામનાં શાંતિવન વિસ્તાર નજીકનાં એક મકાન પાસે ત્યજી દેવાયેલું નવજાત શિશુ મળી આવતા મહિલાઓ દોડી આવી હતી. ઘટનાની જાણ સ્થાનિક લોકોને થતા સ્થાનિક લોકોએ ઉમરગામ પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવ અંગે ઉમરગામ પોલીસની ટીમે બાળકને સારવાર માટે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યું હતું.

આ ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સોળસુંબા ખાતે આવેલા એક મકાન પાસે પ્લાસ્ટિકનાં નીચે ઈંટોનાં ઢગલા પાસે કોઈ સુંદર નવજાત બાળકને ત્યાજેલી હાલતમાં મળ્યું હતું. બાળકનો રડવાનો અવાજ આવતા સ્થાનિક લોકોએ શોધખોળ હાથ ધરી હતી. ઘટના અંગે અવાજ તરફ શોધખોળ હાથ ધરી હતી. ઘટના અંગે ઈંટના ઢગલા પાસે એક નવજાત બાળક રડતું મળ્યું હતું. ઘટનાની જાણ સ્થાનિક લોકોએ તાત્કાલિક અગ્રણીઓએ અને ઉમરગામ પોલીસની ટીમને કરી હતી.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001